CAREERINDIA

SET-4

Series &RQPS

Q.P. Code **10**

Roll No. | | | | | | | | |

Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

**નોટ**

(I) આ પ્રશ્નપત્રમાં **15** પાના છે તે તપાસી લેવું.

(II) આ પ્રશ્નપત્રમાં **16** પ્રશ્નો છે તે તપાસી લેવું.

(III) આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.

(IV) **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.**

(V) આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે થી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.

**NOTE**

(I) Please check that this question paper contains **15** printed pages.

(II) Please check that this question paper contains **16** questions.

(III) Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.

(IV) **Please write down the serial number of the question in the answer-book before attempting it.**

(V) 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period.

www.careerindia.com

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* — *કુલ અંક : 80*

*Time allowed : 3 hours* — *Maximum Marks : 80*

CAREERINDIA

***General Instructions :***

*(i)* *This Question paper is divided into **2** parts. It has total **16** questions.*

*(ii)* ***Part – A** contains question no. **1** to **9**.*

*(iii)* ***Part – B** contains question no. **10** to **16**.*

*(iv)* *Attempt questions as per specific instructions.*

*(v)* *Please write question no. in the Answer-Book before attempting it.*

***સામાન્ય સૂચનો :***

*(i)* *આ પ્રશ્નપત્ર **બે** વિભાગોમાં વિભાજિત છે અને આમાં કુલ **16** પ્રશ્નો છે.*

*(ii)* ***વિભાગ – A** માં **1** થી **9** પ્રશ્નો છે.*

*(iii)* ***વિભાગ – B** માં **10** થી **16** પ્રશ્નો છે.*

*(iv)* *પ્રશ્નમાં આપેલી સૂચના મુજબ ઉત્તરો લખવા.*

*(v)* *પ્રશ્નનો જવાબ લખતી વખતે પ્રશ્નક્રમાંક જરૂર લખો.*

www.careerindia.com

CAREERINDIA

## PART – A (40)

### (વસ્તુનિષ્ઠ પ્રશ્નો)

### (Advanced Reading Skill)

1. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો એક-બે વાક્યોમાં ઉત્તર લખો : **5 × 1 = 5**

વિદ્યાર્થીજીવનમાં જો કંઈ સિદ્ધ તત્ત્વ મને લાગ્યું હોય તો તે જીવનકળા છે. જે જીવવાની કળા હસ્તગત કરે છે, તેને સાધનો અને સગવડની ઊણપ વિશે ફરિયાદ કરવાપણું રહેતું નથી. તે તો પોતાની સામે જેટલાં અને જેવાં સાધનો હોય, જેટલી અને જેવી સગવડો હોય, તેનો એવી સજીવ કળાથી ઉપયોગ કરે છે કે તેમાંથી જ તેની સામે આપોઆપ નવાં સાધનોની સૃષ્ટિ ઊભી થાય છે. તે વણમાગી આવી ઊભી રહે છે. જે આવી જીવનકળા જાણતો ન હોય તે હંમેશા આ નથી, તે નથી, આવું નથી, તેવું નથી એવી ફરિયાદ કર્યા જ કરે છે અને તેની સન્મુખ ગમે તેટલાં અને ગમે તેવાં સાધનો ઉપસ્થિત હોય તો પણ તેને મૂલ્ય સમજાતું નથી, કારણ કે તે જંગલમાંથી મંગલ કરવાની કળા જ ધરાવતો નથી.

પરિણામે એવા વિદ્યાર્થી મળેલી સગવડના લાભથી તો વંચિત રહી જાય છે અને ભાવિ સગવડના લાભો તો માત્ર તેમના મનોરાજ્યમાં જ રહી ઊલટી વ્યાકુળતા ઊભી કરે છે. તેથી આપણે ગમે તે ક્ષેત્રમાં ગમે તે કરતાં હોઈએ છતાં એમાં જીવનકળાની પ્રથમ જરૂર છે અને એ કળા એટલે ઓછામાં ઓછી અને નજીવી ગણાતી સાધન-સામગ્રીમાં પણ સંતુષ્ટ મને આગળ વધવામાં તેનો ઉપયોગ કરી લેવો અને સ્વપુરુષાર્થથી પોતાની સૃષ્ટિ ઊભી કરવી તે.

**પ્રશ્નો :**

I. જીવવાની કળા હસ્તગત કરનારને શું કરવાપણું રહેતું નથી ?

II. આપોઆપ નવાં સાધનો કોને મળે છે ?

III. જે જીવનકળા જાણતો નથી તેની કેવી સ્થિતિ હોય છે ?

IV. જીવનકળા ન જાણનારને શું નુકસાન થાય છે ?

V. જીવનકળા એટલે શું ?

www.careerindia.com

CAREERINDIA

2. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો : **5 × 1 = 5**

રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘરમહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની,
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘરતણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ
લખાયેલો કર્મે વિરલ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં;
સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી;
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

**— ઉશનસ્**

**પ્રશ્નો :**

I. સંતાનો શા માટે ઘેર આવ્યાં હતાં ?

(A) દિવાળીની રજાઓ હતી એટલે

(B) ઘરે બા બીમાર હતાં એટલે

(C) દિવાળીનો તહેવાર પરિવારજનો સાથે ઉજવવો હતો એટલે

(D) સંતાનો દૂરસુદૂર રહેતા હતાં એટલે

www.careerindia.com

CAREERINDIA

II. કોણ ધંધાર્થે પાછા જવાનાં છે ?

(A) દૂરસુદૂર વસેલાં સંતાનો
(B) વિધવા ફોઈ
(C) માતા અને પિતા
(D) વિધવા ફોઈ, માતા અને પિતા

III. પાછા જવાની આગલી રાતે પરિવારજનોએ શું અનુભવ્યું ?

(A) સગાંવહાલાં ભેગાં થવાનો આનંદ
(B) દિવાળીનો તહેવાર ઉજવવાનો આનંદ
(C) રાતે ભેગાં બેસીને વાતો કરવાની મજા
(D) આવતીકાલે છૂટા પડવાની વિરહ વેદના

IV. અરધું ઘર ખાલી થઈ ગયું હોય એમ ક્યારે લાગ્યું ?

(A) ભાઈ ભાભીને લઈને ઊપડ્યા ત્યારે
(B) ભાભીએ ઘર ભર્યું ત્યારે
(C) બધું શાંત થઈ ગયું ત્યારે
(D) વાતો કરીને સૂઈ ગયાં ત્યારે

V. બે ભાઈઓની પત્ની માટે કવિએ કયા વિશેષણ વાપર્યા છે ?

(A) નવોઢા અને ભાર્યાઓ
(B) નવોઢા અને પ્રિયવચનમંદસ્મિતવતી
(C) પ્રિયવચનમંદસ્મિતવતી અને ભાર્યા
(D) ભાર્યા

## (Literature)

3. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (કોઈપણ **પાંચ**) **5 × 1 = 5**

I. નીચેનામાંથી કયુ કાવ્ય ગંગાસતીનું નથી ?

(A) વીજળીના ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ
(B) મેરુ રે ડગે પણ જેનાં મન ના ડગે
(C) નીરખને ગગનમાં કોણ ઘૂમી
(D) શીલવંત સાધુને વારેવારે નમીએ

www.careerindia.com

CAREERINDIA

II. 'કુસુમનું કઠણ તપ' કૃતિ કયા પુસ્તકમાંથી લેવામાં આવી છે ?

(A) સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ (B) સરસ્વતીચંદ્ર

(C) સરસ્વતીચંદ્રનું આગમન (D) સરસ્વતીચંદ્ર અને કુસુમસુંદરી

III. 'નારાયણ હેમચંદ્ર' કૃતિનો પ્રકાર જણાવો.

(A) આત્મકથાખંડ (B) ચરિત્ર નિબંધ

(C) રેખાચિત્ર (D) લલિત નિબંધ

IV. 'કાબે અર્જુન લૂંટિયો એ જ ધનુષ એ જ બાણ' આ પંક્તિ કયા કાવ્યની છે ?

(A) ક્રોધી સ્વભાવને જીતવો ને (B) એક સરખા દિવસ...

(C) મેળો આપો તો (D) આ રસ્તાઓ

V. 'આખી જિંદગી ગીત ગાયાં. હજુ ય નથી ધરાયો.' આ ઉક્તિ કોણ, કોને કહે છે ?

(A) પૂંજો મેજર – ભવાનકાકાને (B) ભવાનકાકા – પૂંજા મેજરને

(C) માસ્તર – પૂંજા મેજરને (D) પૂંજો મેજર – માસ્તરને

VI. 'વતનનો તલસાટ' કાવ્યનો પ્રકાર જણાવો.

(A) ઊર્મિગીત (B) ખંડકાવ્ય

(C) સોનેટ (D) પદ

www.careerindia.com

CAREERINDIA

4. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : **5 × 1 = 5**

મેળો આપો તો એક માનવીની સંગ
અને એકલતા આપો તો ટોળે,
જીવન આપો તો એવું આપો કે
શ્વાસ એના કેફના કસૂંબાને ઘોળે !
તરતાં ના આવડે લગાર અને તગતગતા
તડકાનો દરિયો લલકારે.
થાકેલી આંખો અંજાતી નથી, તોયે
થોડાં મૃગજળ ચળકે છે મઝધારે.
ટીપેથી પાય તો ધરાઉં, સાવ તરસ્યો હું
રહી ગયો છલકાતી છોળે.
સૂની બપોરની આ એકલતા એકલતા
એકલતા બોલી અકળાવો,
ઊગતી સવારના આ ઢોળાતા રંગમાં
જો થોડી આ સાંજ ઘૂંટી લાવો.
કોઈના હોઠે અડકાડ્યું એ અમરતને
કોણ હવે આકાશે ઢોળે ?

**પ્રશ્નો :**

I. કવિ કોનો સંગાથ અને કેવી એકલતા માંગે છે ?

II. કવિ કેવું જીવતર ઈચ્છે છે ?

III. કવિ કેવા સંજોગોમાં ન ડગવાનું કહે છે ?

IV. પ્રવાહની મધ્યે કવિને શું દેખાય છે ?

V. સવાર અને સાંજ વચ્ચે કવિ શું જુએ છે ?

www.careerindia.com

CAREERINDIA

5. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના **એક-બે** વાક્યોમાં ઉત્તર લખો : **5 × 1 = 5**

ઈટાલી કલા ભૂમિ છે. શિલ્પ, સ્થાપત્ય, સંગીત અને ચિત્રકામમાં તેની પાસે વિપુલ સંપત્તિ છે. વેનિસમાં ઠેકઠેકાણે અમે ચિત્રકારો જોયા. પોર્ટ્રેટ પેઈન્ટિંગનો ભરપૂર શોખ. સામે બેસીને પોતાનો સ્કેચ દોરાવનારા ઘણા હતા. એક સુંદર લાવણ્યમયી યુવતીનો આવો સ્કેચ અડધાપોણા કલાકમાં દોરાતો જોયો. આ લાવણ્યમયી યુવતીને જોતાં ડેસ્ડેમોનાનું સ્મરણ થયું. આમેય વેનિસ ડેસ્ડેમોના અને ઓથેલોની પ્રણયભૂમિ, મહાકવિ શેક્સપિયરની આ અમર શોકાંતિકાનો અંત સાયપ્રસમાં છે, પણ પ્રારંભ અને પ્રણયભૂમિ વેનિસ છે. અચાનક એકવાર મુંબઈમાં ઓથેલો ફિલ્મ જોવાની તક મળી ગઈ હતી. તેનાં ભાવવાહી દૃશ્યો એક પછી એક મનઃચક્ષુ સમક્ષ ઊભરાવા લાગ્યાં. શંકાનું વાદળ ઊભો કરતો ઈયાગો ! તેના જેવું ક્રૂર ખલપાત્ર જગત-સાહિત્યમાં કદાચ બીજું નહીં હોય ! છેલ્લે રુમાલની સાબિતી પર શંકા દૃઢ થતાં ઓથેલોના પ્રણયભીના અંતરમાં તુમુલ ઘમસાણ મચે છે ત્યારે, પ્રતીકરૂપે પ્રચંડ સમુદ્ર તાંડવ મૂકી ફિલ્મી કલાકારોએ અદ્‌ભુત સૂઝ દાખવી છે, તે દૃશ્ય ભૂલ્યું ભૂલાય નહીં તેવું છે. ઓથેલો જેવો વીર થોડીક ગફલત અને થોડીક ઉતાવળમાં હરણી જેવી નિર્દોષ, પવિત્ર અને રૂપરૂપના અંબાર સમી ડેસ્ડેમોનાની ક્રૂર હત્યા કરી બેસે છે, પણ છેવટે તેને આપણું અંતર માફ કરે છે. કારણ તેને સત્ય સમજાય છે ત્યારે તે ત્વરિત પોતાનું પણ બલિદાન આપે છે. ખંજર હુલાવી તે ડેસ્ડેમોનાના શબ પર ઢળી પડે છે ત્યારે ઓથેલો ક્રૂર હત્યારો મટી અમર પ્રેમી બની જાય છે. તે કરુણાન્ત કથાનું પરમ સાફલ્ય આપણા અંતરને હલાવી જાય છે. વેનિસની શેરીઓમાં શોક અને પશ્ચાતાપઘેરા ઓથેલોના અંતિમ શબ્દો જાણે પડઘાય છે.

**પ્રશ્નો :**

I. ઈટાલીમાં કઈકઈ કલાનો વિકાસ થયો છે ?

II. લેખિકાને ડેસ્ડેમોનાનું સ્મરણ કેમ થયું ?

III. વેનિસ કયા બે મહાન પ્રેમીઓની પ્રણયભૂમિ છે ?

IV. જગત-સાહિત્યનું સૌથી ક્રૂર ખલપાત્ર કયુ છે ?

V. આપણું અંતર ઓથેલોને શા માટે માફ કરે છે ?



www.careerindia.com

CAREERINDIA

## (Applied Grammar)

6. સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (કોઈપણ **પાંચ**) **5 × 1 = 5**

I. નીચેના રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ આપો :

‘પી જવું’

(A) સહન કરી જવું (B) બધું પૂરું કરવું

(C) બહાર જવું (D) વતનમાં જવું

II. નીચેના રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ આપો :

‘કાન ભંભેરવા’

(A) કાન સાફ કરવા (B) ખાનગી વાત કરવી

(C) ગેરસમજ કરવી (D) ઉશ્કેરણી કરવી

III. નીચેના રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ આપો :

‘ઠરીઠામ થવું’

(A) ઠરી જવું (B) સ્વસ્થ થવું

(C) ગોઠવાઈ જવું (D) બહારગામ જવું

IV. નીચેના રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ આપો :

‘આંખ લાલ થવી’

(A) ઊંઘ આવવી (B) ઉજાગરો થવો

(C) સપનાં જોવા (D) ગુસ્સો આવવો

www.careerindia.com

CAREERINDIA

V. નીચેના રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ આપો :

‘ધતિંગ કરવાં’

(A) તોફાન કરવું

(B) ઢોંગ કે બનાવટ કરવી

(C) તબલાં વગાડવાં

(D) સાચું કહેવું

VI. નીચેના રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ આપો :

‘દિલમાં મેલ રાખવો’

(A) ઉદાર હોવું

(B) પાપી હોવું

(C) બદનામી કરવી

(D) મનમાં કપટ રાખવું

7. સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. નીચે આપેલાં વાક્યોમાંથી સંયોજક ધરાવતું વાક્ય શોધો :

(A) સમયને સાચવો સંજોગો સચવાઈ જશે.

(B) સિપાહી તો ઘરભેગા થઈ ગયા.

(C) સમય ને સંજોગો સચવાઈ જશે.

(D) પિતાજી એને વઢતા નથી એની એને ખાતરી થઈ.

II. નીચેના વાક્ય માટે વિકલ્પોમાંથી યોગ્ય સંયોજક શોધો :

પ્રભુએ શબરીનાં એઠાં બોર આરોગ્યાં. શબરીની ભક્તિ અનન્ય હતી.

(A) કે

(B) જેથી

(C) ને

(D) કારણ કે

www.careerindia.com

CAREERINDIA

III. નીચેના વાક્યમાં રહેલી ખાલી જગ્યા માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :

સુનિતાને જૂની યાદ આવી ગઈ ________ તેની આંખોમાં આંસુ ઊભરાયાં.

(A) તેથી (B) કેમ કે

(C) પણ (D) જ્યાંથી

IV. જ્યારે અમે જાગ્યા ત્યારે સૂરજ ઊગ્યો હતો. (સંયોજક જણાવો.)

(A) અમે (B) જ્યારે, ત્યારે

(C) ઊગ્યો (D) ઊગ્યો હતો

V. 'મારું સાજ જાતે જ બનાવું છું ને જીવની જેમ જાળવું છું.' (વાક્યમાંથી સંયોજક શોધો.)

(A) જ (B) જેમ

(C) છું (D) ને

www.careerindia.com

8. સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (કોઈપણ **ત્રણ**) **3 × 1 = 3**

I. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો :

(A) તેણે ત્રણ કેળા ખાધા.

(B) ગામમાં શાકભાજીવાળો એક ફેરિયો આવ્યો.

(C) ગામમાં એક શાકભાજીવાળો ફેરિયો આવ્યો.

(D) ગાય અને રમેશ ચાલી.

CAREERINDIA

II. નીચેનામાંથી પદક્રમની દષ્ટિએ સાચું વાક્ય શોધો :

(A) દરેક વિદ્યાર્થીઓએ ફાળો લાવવો પડશે.

(B) મારા મોટાભાઈ કાલે આવ્યા.

(C) તેણે 2 ભાઈઓ છે.

(D) અહીં બકરી કે ઊંટ આવ્યું નથી.

III. નીચેનામાંથી પદક્રમની દષ્ટિએ સાચું વાક્ય લખો :

(A) બીજા ખાવા માટે જીવે છે, હું જીવવા માટે ખાઉં છું.

(B) અતિ મહાન પુરુષ દુનિયાનો સોક્રેટિસ ગણાય છે.

(C) પોતાની ફરજ કેળવી આવડત અદા કરે તે ઉત્તમ માણસ.

(D) જીવનશૈલી લોકોની બદલાઈ આજકાલ ગઈ છે.

IV. નીચેનામાંથી પદક્રમની દષ્ટિએ સાચું વાક્ય લખો :

(A) અહીં ગંદકી કરવી, નહીં કરનારને સજા થશે.

(B) અહીં ગંદકી કરવી નહીં, કરનારને સજા થશે.

(C) ગંદકી કરવી, ન કરનારને સજા થશે.

(D) આપણે બધી ક્રિયા ફરીથી પુનરાવર્તિત કરી.

9. નીચેનાં વાક્યોમાં સૂચના પ્રમાણે કાળ ઓળખો :(કોઈપણ **ત્રણ**) **3 × 1 = 3**

I. નીચેનામાંથી પૂર્ણ ભૂતકાળનું વાક્ય ઓળખી બતાવો :

(A) બિસ્મિલ્લાખાંને તો પરીક્ષામાં પ્રથમ આવવું છે.

(B) મંદિરની પાળ પક્ષીઓથી રળિયામણી લાગશે.

(C) તમે મારું કહ્યું માનશો.

(D) બિસ્મિલ્લાખાનનો પરિવાર મુંબઈમાં રહેતો હતો.

www.careerindia.com

CAREERINDIA

II. નીચેનામાંથી ચાલુ વર્તમાનકાળનું વાક્ય ઓળખી બતાવો :

(A) ઘરમાં પ્રયોગ થાય છે.

(B) વીર અભિમન્યુ પરનું ભાષણ મેં ફટાફટ બોલી બતાવ્યું.

(C) સૂર પ્રત્યેનું મારું ખેંચાણ છેક બાળપણથી રહ્યું છે.

(D) મિમિક્રી માટેની મારી રુચિ પેદા થઈ.

III. નીચેનામાંથી સાદા ભવિષ્યકાળનું વાક્ય ઓળખી બતાવો :

(A) માણેક મુનીમ એને ઘેર ગયા ત્યારે મહીજી નહતો.

(B) માડી, હું વળાવિયે જઈશ.

(C) જ્યાં-ત્યાં અમારા ગાડાં હેમખેમ પહોંચવા જોઈએ.

(D) બેહો, સેમમાં ગ્યા છે તે આવતા હશે.

IV. નીચેનામાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય ઓળખી બતાવો :

(A) એમને લેવા ખંભાતથી શેઠ બે ગાડી અને મુનીમ મોકલે છે.

(B) દલભાઈ ગાડું હાંકે છે.

(C) એમને લેવા ખંભાતથી શેઠ બે ગાડી અને મુનીમ મોકલ્યા છે.

(D) એમનો બોલ ખાલી થૂંક ઉડાડતો ન હતો.

www.careerindia.com

CAREERINDIA

## PART – B (40)

### (વર્ણનાત્મક પ્રશ્નો)

### (Literature)

10. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : (કોઈપણ **બે**) **2 × 2 = 4**

I. ‘હોડી’ અને ‘સંસાર’ના પ્રતીકો સ્પષ્ટ કરો.

II. ગલીની શી હાલત થઈ છે ? કેમ ?

III. બાને નગરમાં શા માટે ગમતું નથી ?

11. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : (કોઈપણ **એક**) **1 × 3 = 3**

I. ‘એક સરખા સુખના દિવસો…’ કાવ્યનો મધ્યવર્તી વિચાર આલેખો.

II. ‘વીડી વાઢનાર’ લોકગીતમાં આલેખાયેલું દાંપત્યજીવન તમારા શબ્દોમાં આલેખો.

III. ‘વતનનો તલસાટ’ કાવ્યને આધારે કવિની જન્મભૂમિનું વર્ણન કરી કવિનો કલ્પાંત આલેખો.

12. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : (કોઈપણ **ત્રણ**) **3 × 3 = 9**

I. બિસ્મિલ્લાખાંના જન્મ, ઉછેર અને બાળપણ વિશે નોંધ લખો.

II. પૂંજા મેજરનો વૃક્ષપ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.

III. ‘મોરનાં ઈંડાં’ શીર્ષકની યથાર્થતા ચર્ચો.

IV. ‘સાચા સુખનું સર્જન લેખકની શાળા’ વિધાન સમજાવો.

V. ‘ઢોરાં’ લઘુકથામાં રહેલો મર્મધ્વનિ લખો.

13. નીચેના કોઈ સાહિત્યકારનો **દસ-બાર** વાક્યોમાં પરિચય કરાવો : (કોઈપણ **એક**) **1 × 4 = 4**

I. ઉમાશંકર જોશી

II. કનૈયાલાલ મુનશી

www.careerindia.com

CAREERINDIA

## (Effective Writing Skill)

14. નીચે આપેલ વિષય પર આશરે **200** શબ્દોમાં નિબંધ લખો :(કોઈપણ **એક**) **1 × 8 = 8**

I. **જીવીશ તો એકલાં પુસ્તકોથી**

**મુદ્દા :** પ્રસ્તાવના – પુસ્તકોનું મહત્ત્વ – પુસ્તકોનો જીવન પર પ્રભાવ – પુસ્તકોના વાંચનનો લાભ – ગેરલાભ – ઉપસંહાર

II. **મારો પ્રિય તહેવાર**

**મુદ્દા :** પ્રસ્તાવના – તહેવારોનું વૈવિધ્ય – મારો પ્રિય તહેવાર – પ્રિય હોવાનું કારણ – ઉજવણી – ઉપસંહાર

III. **સ્વચ્છતા ત્યાં પ્રભુતા**

**મુદ્દા :** પ્રસ્તાવના – સ્વચ્છતાનું મહત્ત્વ – સ્વચ્છતાના લાભ – સ્વચ્છતા અંગે જાગૃતિ – ઉપસંહાર

15. તમારી શાળામાં ઉજવાયેલ પ્રવેશોત્સવનો અહેવાલ આશરે **100** શબ્દોમાં લખો. **1 × 6 = 6**

**અથવા**

તમારા શહેરમાં યોજાયેલ આંતરશાળેય ક્રિકેટ ટુર્નામેન્ટનો અહેવાલ આશરે **100** શબ્દોમાં લખો.

16. જીવનમાં મેદાની રમતોનું મહત્ત્વ સમજાવતો પત્ર તમારા નાના ભાઈને લખો. **1 × 6 = 6**

**અથવા**

તમારા શહેરમાં અસામાજિક તત્ત્વોનો ત્રાસ વધી પડ્યો છે, તે દૂર કરવા યોગ્ય પગલાં લેવા વિનંતી કરતો પત્ર પોલીસ કમિશનરને લખો.



www.careerindia.com

CAREERINDIA

www.careerindia.com